# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-08-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## ભારતનો પાકિસ્તાનને જવાબ-:

ભારતે પાકિસ્તાનની સેનાના વડા અસીમ મુનીરની સંભવિત પરમાણુ ધમકી અંગેની ટિપ્પણીની કડક નિંદા કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તે કોઈપણ પરમાણુ બ્લેકમેલને વશ નહીં થાય. તેમણે કહ્યું કે ભારત રાષ્ટ્રની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવાનું ચાલુ રાખશે.

શ્રી જયસ્વાલે કહ્યું કે પરમાણુ શસ્ત્રોનો દેખાડો કરવો એ પાકિસ્તાનની આદત છે. તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે આવી ટિપ્પણીઓ ત્રીજા મિત્ર દેશની ધરતી પરથી કરવામાં આવી હતી. નિવેદનમાં આંતરરાષ્ટ્રીય સમુદાયને ચેતવણી પણ આપવામાં આવી છે કે તેઓ આ ટિપ્પણીઓમાં રહેલી બેજવાબદારી પર પોતાના નિષ્કર્ષ કાઢે, ખાસ કરીને પાકિસ્તાની સેનાના આતંકવાદી જૂથો સાથે ગાઢ સંબંધોને ધ્યાનમાં રાખીને. આ ટિપ્પણીઓ પાકિસ્તાનના પરમાણુ કમાન્ડ અને નિયંત્રણ વિશે લાંબા સમયથી ચાલતી ચિંતાઓને વધુ ઉજાગર કરે છે.

**-----------------------------------------------------------------------------------------------**

## કરવેરા કાયદા સુધારાબિલ,આવકવેરા બિલ:

લોકસભાએ ગઇકાલે કરવેરા કાયદા (સુધારા) બિલ, 2025 અને આવકવેરા (નંબર 2) બિલ, 2025 ને ધ્વનિમતથી પસાર કર્યા. બિહારમાં ખાસ સઘન સુધારા પ્રક્રિયા અને અન્ય મુદ્દાઓ પર વિપક્ષના સભ્યોના વિરોધ વચ્ચે કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે આ બિલો રજૂ કર્યા.

આવકવેરા (નંબર 2) બિલ, 2025 નો ઉદ્દેશ્ય આવકવેરા સંબંધિત કાયદાને એકીકૃત અને સુધારિત કરવાનો છે જ્યારે કરવેરા કાયદા (સુધારા) બિલ, 2025 આવકવેરા કાયદા, 1961 માં વધુ સુધારો કરશે અને નાણાં અધિનિયમ, 2025 માં સુધારો કરશે.

---

## રાષ્ટ્રીય રમત ગમ્મત વહીવટી બિલ:

બિહારમાં યોજાયેલી ખાસ સઘન સમીક્ષા સામે વિરોધ પક્ષના વિરોધ વચ્ચે, લોકસભાએ ગઇકાલે રાષ્ટ્રીય રમતગમત વહીવટ બિલ, 2025 અને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી (સુધારા) બિલ, 2025 પસાર કર્યા.

રાષ્ટ્રીય રમતગમત વહીવટ બિલ રાષ્ટ્રીય રમતગમત સંસ્થાઓને માન્યતા આપવા અને તેમના કાર્યનું નિયમન કરવાની જોગવાઈ કરે છે.

---

## મર્ચન્ટ શિપિંગ બિલ -:

સંસદે મર્ચન્ટ શિપિંગ બિલ 2024 પસાર કર્યું છે. આ બિલ મર્ચન્ટ શિપિંગ એક્ટ 1958નું સ્થાન લેશે. આ બિલ દ્વારા મર્ચન્ટ શિપિંગ એક્ટમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. આ બિલ ભારતીય શિપિંગના વિકાસ અને ભારતીય મર્ચન્ટ મરીન સેક્ટરની કાર્યક્ષમ જાળવણી સુનિશ્ચિત કરશે.

રાજ્યસભામાં આ બિલ પર ચર્ચા દરમિયાન, શિપિંગ, અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા 11 વર્ષમાં દરિયાઈ ક્ષેત્રમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે.

---

## કોઈમ્બતુર-વિશ્વ હાથી દિવસ :

વિશ્વ હાથી દિવસ નિમિત્તે રાષ્ટ્રીય ઉજવણી આજે તમિલનાડુના કોઈમ્બતુરમાં યોજાશે. આ ઉજવણીનું આયોજન પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા તમિલનાડુ વન

વિભાગના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

ભારતમાં 33 હાથી અભયારણ્યો અને 150 નિયુક્ત હાથી કોરિડોર છે, જે વિશ્વના લગભગ 60 ટકા જંગલી હાથીઓનું ઘર છે.

---

## તિરંગાયાત્રા-ભુજ:

કચ્છમાં સ્વતંત્રતા પર્વ પૂર્વે દેશભક્તિનો માહોલ છવાયો છે. સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે આજે જીલ્લાની ૨૫૦૦ જેટલી શાળાઓના ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ તિરંગા યાત્રામાં જોડાશે.

જિલ્લા શિક્ષણઅધિકારી સંજય પરમારે જણાવ્યું હતું કે જિલ્લા કક્ષાની આ તિરંગાયાત્રામાં ૨ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહિત ૨૫૦૦ જેટલા લોકો જોડાશે. આ પૂર્વે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા હર ઘર તિરંગા અભિયાન અને સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે પ્રથમ તબક્કે ગત તારીખ ૬ થી ૮ ઓગસ્ટ સુધી વિવિધ હરીફાઈઓનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર, આર્મી અને બીએસએફના સહકારથી કર્યું હતું. જેમાં કચ્છના ૩ લાખ જેટલા છાત્રાઓ ભાગ લીધો હતો.

---

## અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કેમ્પ:

કેન્દ્ર અને રાજ્ય સરકારના શ્રમ વિભાગ પ્રેરિત અસંગઠિત ક્ષેત્રના કામદારોના ઉત્થાન અને સુરક્ષા માટે હાથ ધરાયેલી વિશેષ પહેલ અંતર્ગત, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ તથા એસ.આર.કે. ઇન્સ્ટિટ્યૂટ સાપેડાના સંયુક્ત ઉપક્રમે ગીગ વર્કર્સ માટે આજે સવારે 10:30 વાગ્યે ચેમ્બર ભવન, ગાંધીધામ ખાતે નોંધણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ નોંધણી દ્વારા તેઓ કેન્દ્ર સરકારની અનેક કલ્યાણકારી યોજનાઓ સાથે જોડાઈ શકશે.

---

## ભુજ-કુસ્તી સ્પર્ધા:

રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ-ભુજ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં અંડર 14, 17 અને 19 વિભાગની અલગ અલગ વજનની ગ્રુપ સ્પર્ધામાં ભાગ લઈ સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરની દીકરીઓ સમગ્ર જિલ્લામાં 21 પ્રથમ નંબરે અને 8 દ્વિતીય નંબરે આમ કુલ 29 મેડલ પ્રાપ્ત કરી જ્વલંત સફળતા મેળવી છે. જે હવે રાજ્યક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધત્વ કરશે.

દીકરીઓના પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ  દ્વારા અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

---

## લખપત-શ્રીમદ ભાગવતગીતા:

લખપત તાલુકાના ગુનેરી નજીક નિર્માણ પામેલ નિત્ય શિવ નિરંજન દેવ ગુફા ખાતે હિન્દુ સનાતની ચાતુર્માસ કાર્યક્રમ અંતર્ગત આવતીકાલથી શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

કથા દરમિયાન યોજાનારા વિવિધ કાર્યક્રમોના આયોજન માટે રવિવારે એક બેઠક યોજાઈ હતી.

---